# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-10-2026 Day: Friday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## મતદાર યાદી સુધારણા

ચૂંટણી પંચે ગુજરાત, ઉત્તર પ્રદેશ, બિહાર અને રાજસ્થાન સહિત 17 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીનું સ્પેશિયલ સમરી રિવિઝન (SSR) કરાવવાનો નિર્દેશ આપ્યો છે. આના હેઠળ મતદાર યાદી અપડેટ થશે.

આમાં નવા નામ ઉમેરવામાં આવશે અને પહેલાથી નોંધાયેલી માહિતીમાં ભૂલો સુધારવામાં આવશે. 1 જાન્યુઆરી 2027 સુધીમાં 18 વર્ષની ઉંમર પૂરી કરનારા યુવાનો પણ મતદાર યાદીમાં પોતાનું નામ નોંધાવવા માટે અરજી કરી શકશે.

**-----------------------------------------------------------------------------------------**

## કેન્દ્રીય ગૃહમંત્રી – ગુજરાત પ્રવાસે

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે રાજ્યના પ્રવાસે આવશે. સત્તાવાર યાદી મુજબ, તેઓ સૌપ્રથમ સવારે અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં પ્રેરણાતીર્થ ખાતે ગચ્છાધિપતિ પરમપૂજ્ય નરરત્ન સૂરિશ્વરજી મહારાજ સાહેબનાં દર્શન કરશે. ત્યારબાદ બપોરે શ્રી શાહ પાલડીમાં શ્રી વિશ્વનંદીકર જૈન સંઘ ખાતે ગચ્છાધિપતિ પરમપૂજ્ય ઉદયપ્રભ સૂરિશ્વરજી મહારાજ સાહેબનાં દર્શન કરશે. સાંજે તેઓ ગાંધીનગરમાં રૂપાલમાં શક્તિપીઠ શ્રી વરદાયિની માતાજી મંદિર પરિસરમાં પૂજા-અર્ચના કરશે. તેમજ ભગવાન શિવજીની 81 ફૂટ ઉંચી પ્રતિમાનું ખાતમુહૂર્ત કરશે.

ત્યારબાદ શ્રી શાહ માણસામાં બહુચર માતા મંદિરમાં માતાજીની આરતીમાં સહભાગી થશે. રાત્રે તેઓ કોલવડામાં શ્રી રામજી મંદિરમાં નવરાત્રિ યુવક મંડળ દ્વારા આયોજિત રાસગરબા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

---

## શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રો

ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળના ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત કચ્છમાં પાંચ નવાં ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવામાં આવશે. રાજ્યના 28 જિલ્લાઓમાં 101 નવાં કેન્દ્રોના લોકાર્પણ અંતર્ગત આજે સવારે 8 વાગ્યે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે આ કેન્દ્રોનું લોકાર્પણ થશે.

કચ્છમાં ભુજના જ્યુબિલી ગ્રાઉન્ડ, રાપરના કડિયાનાકા, અંજારના દેવળિયા નાકા પાસેના કડિયાનાકા, આદિપુરમાં મહાવીર મદનસિંહ ચોક ખાતે બસ સ્ટેશન પાસે તથા ગાંધીધામમાં સુંદરપુરી પાણીની ટાંકી પાસે નવાં કેન્દ્રો શરૂ થશે. આ યોજના હેઠળ બાંધકામ શ્રમિકો અને તેમના પરિવારને માત્ર રૂ.5માં પૌષ્ટિક ભોજન પૂરું પાડવામાં આવશે.

---

## એસટી નિગમ મોંઘવારી ભથ્થું

રાજ્યના એસ. ટી. નિગમના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં બે ટકાનો વધારો મંજૂર કરાયો. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા સંદેશમાં એસ. ટી. નિગમના લાખો કર્મચારીઓ માટે કરાયેલા આ નિર્ણયને આવકાર્યો. તેમણે કહ્યું, આ

વધારા સાથે હવેથી કર્મચારીઓને 60 ટકાના દરે મોંઘવારી ભથ્થું અપાશે. ઉપરાંત, કર્મચારીઓને વધારાના મોંઘવારી ભથ્થાના એરિયર્સની પણ ચુકવણી કરાશે.

---------------------------------------------------------------------------------

## અવસાન – ધારાશાસ્ત્રી રત્નાકરભાઇ ધોળકિયા

કચ્છના અગ્રણી વરિષ્ઠ ધારાશાસ્ત્રી રત્નાકરભાઈ ધોળકિયાનું ભુજ ખાતે અવસાન થયું છે. તેમની વય 87 વર્ષની હતી. તેઓએ પોતાની ફરજ નિષ્ઠા પૂર્વક બજાવી હતી. તેઓએ અનેક મહત્વના સંવેદનશીલ કેસોમાં વકીલ તરીકે ફરજ બજાવી હતી. દાણચોરો વિરુદ્ધ કસ્ટમના કેસો લડ્યા હતા. દાણચોરો સામેના કેસ લડવા દરમ્યાન ભુજમાં જાહેરમાં તેમના પર હુમલો થયો હતો. કચ્છમાં ઘણા વરસો સુધી સરકારી ધારાશાસ્ત્રી તરીકે ફરજ બજાવી હતી. ગાયત્રી માતાના પરમ ઉપાસક હતા અને ભુજમાં ગાયત્રી શક્તિપીઠની પ્રવૃતિમાં તેઓ સક્રિય હતા.

---------------------------------------------------------------------------------

## રણોત્સવ સમીક્ષા બેઠક

કચ્છના વિશ્વવિખ્યાત સફેદ રણમાં યોજાનારા રણોત્સવ ૨૦૨૬-૨૭ને વધુ સુવ્યવસ્થિત અને પ્રવાસીઓ માટે યાદગાર બનાવવા જિલ્લા વહીવટીતંત્રે તૈયારીઓ તેજ કરી છે. આ આયોજનના ભાગરૂપે ધોરડો ખાતે કચ્છ જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયાની અધ્યક્ષતામાં રણોત્સવ જિલ્લા કોર કમિટીની બેઠક યોજાઈ હતી. બેઠકમાં પ્રવાસીઓની સુવિધા, સુરક્ષા, સ્વચ્છતા, પરિવહન, માળખાકીય સુવિધાઓ અને વિવિધ વિભાગો વચ્ચે સંકલન સહિતના મહત્ત્વના મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------

## સુખપર રોહા – આયુષ્માન આરોગ્ય મંદિર

કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના સુખપર (રોહા) ગામમાં ગ્રામજનોને આરોગ્ય સેવાઓ માટે દૂર સુધી જવું ન પડે અને સ્થાનિક સ્તરે જ પ્રાથમિક સારવાર ઉપલબ્ધ બને તે હેતુથી નવનિર્મિત આયુષ્માન આરોગ્ય મંદિરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સાંસદ વિનોદ ચાવડાના હસ્તે આ આરોગ્ય કેન્દ્રને જનસેવા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. કેન્દ્ર કાર્યરત થતાં સુખપર (રોહા) સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોના નાગરિકોને આરોગ્યલક્ષી સેવાઓ મેળવવામાં સુવિધા મળશે.

------------------------------------------------------------------------------------------------

## નવરાત્રી પર્વ – છઠ્ઠું નોરતું

નવરાત્રી મહાપર્વના છઠ્ઠા નોરતે આજે માં દુર્ગાના છઠ્ઠા સ્વરૂપમાં કાત્યાયની ઉપાસના કરવામાં આવી રહી છે. જે શક્તિ સાહસ ધર્મની રક્ષા અને અધર્મ સામે સંઘર્ષનું સ્વરૂપ છે. સ્કંદપુરાણમાં દેવતાઓના સ્વયંભુ ક્રોધમાંથી તેમનું સર્જન થયું હોવાનું ઉલ્લેખ છે.

------------------------------------------------------------------------------------------------

## કચ્છ રાજ પરિવાર ચામર – પૂજન

નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે કચ્છના રાજપરિવારની સદીઓ જૂની પરંપરા સમાન ચામર પૂજા અને યાત્રાને લઈને તૈયારીઓ શરૂ થઈ છે. ભુજ સ્થિત ઐતિહાસિક આઈનામહેલમાં રાજપરિવાર દ્વારા પરંપરાગત વિધિ અનુસાર ચામરનું પૂજન કરવામાં આવ્યું હતું.

------------------------------------------------------------------------------------------------